Extra No. 438

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] MONDAY, DECEMBER 15, 2025 / AGRAHAYANA 24, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

વંચાણમાં લીધું ::-

●કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૫૮૭૬/૨૦૨૫ તા.૧૧/૧૨/૨૦૨૫.

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૬૧૮૨ થી ૧૬૨૪૬/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૫૮૭૬/૨૦૨૫ તા.૧૧/૧૨/૨૦૨૫થી પાટણ પેટા વિભાગ હસ્તકના સિંહી - સંડેર - રણુંજ- સંખારી- પાટણ રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૯૮૦ ની ચેઈનેજ કિ.મી. ૨/૮૦૦ થી ૩/૦૦૦ ની વચ્ચે આવેલ જૂના જર્જરીત સ્લેબ ટ્રેઈનને તોડીને નવીન માઈનોર બ્રીજના પુનઃ બાંધકામની કામગીરી શરૂ કરવાનો વર્કઓર્ડર મે. શિવ ઈન્ફ્રાસ્ટ્રકચર, મહેસાણાને તા. ૧૪/૦૭/૨૦૨૫ થી કામગીરી શરૂ કરી તા.૧૩/૦૬/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ હોઈ સદર પુનઃ બાંધકામની કામગીરી દરમિયાન વાહન વ્યવહારને તા.૧૫/૧૨/૨૦૨૫ થી તા.૨૫/૦૩/૨૦૨૬ સુધી નીચે મુજબના વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન રૂટ				
ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	લેન	અંતર
૧	સંડેર-ડાભડી-રૂવાવી રોડ	એમડીઆર	Single Lane	૫.૩૦૦ કિ.મી.
૨	રૂવાવી થી માતપુર રોડ	વીઆર	Single Lane	૨.૬૦૦ કિ.મી.

સબબ, પાટણ પેટા વિભાગ હસ્તકના સિંહી - સંડેર - રણુંજ- સંખારી- પાટણ રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૯૮૦ ની ચેઈનેજ કિ.મી. ૨/૮૦૦ થી ૩/૦૦૦ ના જૂના જર્જરીત સ્લેબ ટ્રેઈનને તોડીને નવીન માઈનોર બ્રીજના પુનઃ બાંધકામની કામગીરી શરૂ હોઈ વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ(IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૫/૧૨/૨૦૨૫ થી તા.૧૨/૦૨/૨૦૨૬ સુધી સિંહી - સંડેર - રણુંજ- સંખારી- પાટણ રોડ કિ.મી. ૦/૦ થી ૨૨/૯૮૦ ની ચેઈનેજ કિ.મી. ૨/૮૦૦ થી ૩/૦૦૦ ઉપર આવેલ માઈનોર બ્રીજ પર તમામ વાહનો સદર બ્રીજ ઉપરથી પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા સદર સમયગાળા દરમ્યાન નીચેના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન રૂટ				
ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	લેન	અંતર
૧	સંડેર-ડાભડી-રૂવાવી રોડ	એમડીઆર	Single Lane	૫.૩૦૦ કિ.મી.
૨	રૂવાવી થી માતપુર રોડ	વીઆર	Single Lane	૨.૬૦૦ કિ.મી.

શિક્ષા ::- આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યક્તિ /સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ/બ્રિજ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણએ મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૧૫/ ૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણા માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.12 16:05:25 IST